# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૩૭૭૦-૧

તારીખ : ૩૧ - ૦૫ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
મે. સીમ્પોલો વીટ્રીફાઈડ પ્રા.લી.
જુના ઘુંટુ રોડ,
મું. પો. : ઘુંટુ, તા. : મોરબી, જી. : મોરબી,
પીન કોડ. : ૩૬૩૬૪૨
મોબાઈલ : ૯૭૨૫૪૫૯૨૨૨ ૦૨૮૨૨-૨૪૨૧૨૨,૨૪૧૬૨૨,૨૪૩૬૨૨

**વિષય : માર્ચ-૨૦ થી જાન્યુ-૨૧ (તા.૧૧.૧.૨૧ સુધી) મર્જર બિલ અંગે ૧૧.૧૧% ની અયોગ્ય રીતે વસૂલાત બાબત.**

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૦૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૯/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગું.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૯/ક્વા-૪/૨૧-૨૨/3990-૧ તા.૩૧.૦૫.'22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૦૯/ક્વા-૪/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : મે. સીમ્પોલો વિટ્રીફાઈડ પ્રા. લી. ગામ: ધુંટુ |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી શ્રી મનસુખભાઈ કૈલા (ડાયરેક્ટર) હાજર રહેલ છે. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી –મોરબી |
| રજૂઆત કરનાર | : શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, અને તેમની સાથે શ્રીમતી એમ.એમ.પંડ્યા, અધિક્ષક હિશાબનીશ પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી નં -૨ મોરબી હાજર રહેલ છે. |

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | - શ્રી ડી.વી.લાખાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ | : ૧૯-૦૫-૨૦૨૨ (ગુરુવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૪.૦૩.૨૦૨૨ (શુક્રવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર વતી અરજદાર શ્રી મનસુખભાઈ કૈલા (ડાયરેક્ટર) હાજર રહેલ હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી મોરબી તથા શ્રી એમ.એમ. પંડ્યા અધિક હિસાબનીશ (રેવન્યુ) વિભાગીય કચેરી, મોરબી હાજર રહેલ હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૨૮.૦૪.૨૦૨૨ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદાર વતી શ્રી મનસુખભાઈ કૈલા (ડાયરેક્ટર) હાજર રહેલ હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી પી.પી.બાવરવા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મોરબી તથા શ્રી એમ.એમ. પંડ્યા અધિક હિસાબનીશ (રેવન્યુ) વિભાગીય કચેરી, મોરબી હાજર રહેલ હતા. સદર સુનાવણી દરમિયાન અરજદારની લેખિત રજૂઆત તા.૧૫.૦૩.૨૦૨૨ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકારને મુદ્દાસર જવાબ રજુ કરવા સુચના આપેલ જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને તથા અત્રેના ફોરમ સમક્ષ તા.૦૨.૦૫.૨૦૨૨ ના પત્રથી જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૫.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં. ૨૬૫૧૯ થી ઘૂંટુ ખાતે એચ.ટી. વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં માહે માર્ચ-૨૦૨૦ થી જાન્યુઆરી-૨૦૨૧ (તા૧૧.૦૧.૨૦૨૧ સુધી) ની મર્જર બિલ પેટે ૧૧.૧૧% ની અયોગ્ય રીતે વસૂલાત પી.જી.વી.સી.એલ. મોરબી દ્વારા કરવામાં આવેલ છે. જે અંગે અરજદાર દ્વારા અવારનવાર મર્જર વસૂલાત અંગે નિયમોની સુચના તેમજ અમલવારીના કાયદાના માર્ગદર્શન માંગવામાં આવેલ હતું, જે સંલગ્ન વિભાગીય કચેરી દ્વારા આપવામાં આવેલ નથી. વધુમાં અરજદાર જણાવે છે કે મર્જર અંગે કોઈપણ ગ્રાહકને વસુલાત અંગેની નોટીસ આપ્યા બાદ જ વસુલાત કરી શકાય છે. સદર બાબતે સંલગ્ન કચેરી દ્વારા અરજદારને કોઈપણ પ્રકારની નોટીસ આપેલ નથી. ભારતીય સંવિધાન અનુસાર કોઈપણ ખાતા દ્વારા કોઈપણ વ્યક્તિ/ કંપની પાસે કોઈપણ જાતની વસુલાત કરવા માટે પ્રથમ નોટીસ આપવામાં આવે છે અને ત્યારબાદ જ નિયમ અનુસાર વસુલાત કરવાનું આવે છે.

૨.૧ અરજદારની પાવર બાઉન્ડ્રી વધારવાની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ.ના પત્ર તા.૧૮.૦૮.૨૦૨૧ માં જણાવેલ સંદર્ભ પત્ર તા.૨૦.૩.૨૦૨૦ ની નકલ અરજદારને અપાયેલ નથી. તેમજ આ સંદર્ભ પત્રના અનુક્રમ નં. ૪ મુજબ વડી કચેરી દ્વારા અરજદારને અંદાજપત્ર આપવામાં આવેલ છે. આમ, પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારને આપવામાં આવેલ મર્જર ૧૧.૧૧% ની વસુલાત અયોગ્ય હોય અરજદારને માર્ચ-૨૦૨૦ થી જાન્યુઆરી-૨૦૨૧ (તા.૧૧.૦૧.૨૦૨૧ સુધી) ની રકમ રૂ.૧,૧૫,૨૩,૮૧૪.૩૨/- જમા આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૨.૨ અરજદાર દ્વારા તા.૧૫.૦૩.૨૦૨૨ ની લેખિત રજૂઆત મુજબ આપવામાં આવેલ ૧૧.૧૧% લોસનું બીલ કંપનીના ક્યા મર્જર પરિપત્રના આધારે આપવામાં આવેલ છે. તેના પરિપત્રો સંલગ્ન વિભાગીય કચેરી દ્વારા દિવસ ૦૭ (સાત) માં અરજદારને આપવા ફોરમ દ્વારા સુચના આપવામાં આવેલ. પરંતુ, સામેવાળાના પત્ર તા.૨૨.૦૩.૨૦૨૨ ના ઈ-મેઈલ થી જણાવેલ છે કે સદર પરિપત્રોની નકલ વર્તુળ કચેરી પાસેથી માંગવામાં આવેલ છે. અરજદારની રજૂઆત મુજબ તેઓ મે. સીમ્સ સિરામિક પ્રા. લી., ગામ ઘૂંટુ, ગ્રાહક નં. ૩૨૩૩૩, ૪૦૦૦ KVA અને સીમ્પોલો વિટ્રીફાઈડ પ્રા. લી., ગામ: ઘુંટુ, ગ્રાહક નં.૨૬૫૧૯, ૪૦૦૦ KVA તેઓની જરૂરિયાત મુજબ NCLT ના ઓર્ડર મુજબ મર્જ કરી ૮૦૦૦ KVA નું ૬૬ કેવી વીજજોડાણની માંગણી કરેલ હતી. આમ, કોઈપણ ગ્રાહક સામેથી પોતાની જરૂરિયાત હોય તો મર્જર માટે પી.જી.વી.સી.એલ. પાસે આવે તો તે અંગેની સપ્લાય કોડ-૨૦૧૫ જીયુવીએનએલ/પી.જી.વી.સી.એલ. દ્વારા કોઈ નિયમ બનાવેલ નથી. કોઈપણ જાતની રૂપરેખા કે નિયમો બનાવેલ ન હોવા છતાં સામાવાળા દ્વારા ૧૧.૧૧% મર્જરની વસુલાત ખોટી રીતે કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે હાલ સિમ્પોલો વિટ્રીફાઈડ પ્રા.લી ગ્રાહક નં.૨૬૫૧૯ થી ૮૦૦૦ KVA નું કનેક્શન ધરાવે છે. સદર વીજજોડાણ સિમ્પોલો વિટ્રીફાઈડ પ્રા.લી અગાઉ ગ્રાહક નં.૨૬૫૧૯ થી ૪૦૦૦ KVAનું કનેક્શન ધરાવતા હતા તેમાં બીજું કનેક્શન સીમ્સ સિરામિક પ્રા.લી. ગ્રાહક નં ૩૨૩૩૩ થી ૪૦૦૦ KVA નું કનેક્શન સિમ્પોલો વિટ્રીફાઈડ પ્રા.લી માં મર્જ કરી ૮૦૦૦ KVA ના કનેક્શનની મર્જીગની એપ્રુવલ પત્ર નં.PGVCL/COM/3175/DT.20.03.2020 & 3176/20.03.2020 થી અપાયેલ છે.

પ્રથમ બંને કનેક્શન ૧૧ કેવી H.T. કનેક્શન હતા હવે મર્જ થતા સિમ્પોલો વિટ્રીફાઈડ પ્રા.લી ૮૦૦૦ KVA નું EHT ૬૬ કેવીનું કનેક્શન ચેકિંગ શીટ નં .MRC૪૪૦૭/૪૪૦૮ તા.૧૧.૦૧.૨૦૨૧ થી રીલીઝ થયેલ છે.

૩.૧ ગ્રાહકને ૧૧.૧૧% લોસ નું બિલ આપવામાં આવેલ છે જે નિગમિત કચેરીનાં પાવર બાઉન્ડ્રી વધારવા માટેની એપ્રુવલ પત્ર નં PGVCL/COM/3175/DT.20.03.2020 & 3176/20.03.2020 આપેલ છે તે પત્રમાં જણાવ્યા મુજબ ગ્રાહકને બિલ આપવામાં આવેલ છે. તેમજ નિગમિત કચેરીનાં સંદર્ભપત્ર નં PGVCL/COM/4307 Dt:04.06.2020 થી ગ્રાહકને એસ્ટીમેટ આપવામાં આવેલ છે જેમાં પણ પૉઈન્ટ નંબર ૧૭ માં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે અરજદારને ૧૧.૧૧% લોસ નું બિલ જ્યાં સુધી ૬૬ કેવી માંથી કનેક્શન રિલીઝ ન થાય ત્યાં સુધી આપવામાં આવશે. આમ નિગમિત કચેરી દ્વારા ગ્રાહકને આપવામાં આવેલ એસ્ટીમેટ અને રીલીઝ ઓર્ડરમા ૧૧.૧૧% લોસની શરતના ઉલ્લેખ મુજબ જ બિલ આપવામાં આવેલ છે.

૩.૨ ફોરમની તા.૨૮.૦૪.૨૦૨૨ ની સુનાવણી દરમ્યાન અપાયેલ સુચના મુજબ તા.૦૨.૦૫.૨૦૨૨ ના પત્રથી અરજદારને ૧૧.૧૧% મર્જ બીલ માહે માર્ચ-૨૦૨૦ થી માહે જાન્યુઆરી-૨૦૨૧ (તા.૧૧.૦૧.૨૦૨૧ સુધી) વસુલાતપાત્ર છે. તેના આધાર-પુરાવા તરીકે નામદાર નામદાર જીઈઆરસીમાં દાખલ થયેલ પીટીશન નં ૧૫૮૨/૨૦૧૬ અને તેની રીવ્યુ પીટીશન નં ૧૮૨૭/૨૦૧૯ ના ઓર્ડરની નકલ જોડેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે લેખિત રજૂઆત તા.૨૭.૦૭.૨૦૨૧ થી કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી મોરબીને કરેલ છે જે મુજબ NCLT મારફત મે. સીમ્સ સિરામિક પ્રા.લી. નું મે. સિમ્પોલો વિટ્રીફાઈડ પ્રા.લી. માં મર્જીંગ થતા અરજદાર દ્વારા તેઓના બન્ને વીજજોડાણની કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ૪000 KVA ધરાવે છે તેનું વીજજોડાણ મર્જીંગ કરવા માટે કુલ કોન્ટ્રાક્ટ ડિમાન્ડ ૮000 KVA, ૬૬ કેવી વોલ્ટેજ સપ્લાય માટે પીજીવીસીએલની નિગમિત કચેરીમાં તા.૨૭.૦૨.૨૦૨૦ થી જરૂરી નોંધણીચાર્જ ભરપાઈ કરીને અરજી કરેલ છે. તેમજ સદર અરજદાર દ્વારા નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૮૫ ક્લોઝનો ઉલ્લેખ નીચે મુજબ કરાયેલ છે.

| Sr. No. | Item | Time Limit (within) |
|---|---|---|
| 1 | Aggregate Loads up to 100 kVA /100 kW | Within 20 days after compliance of formalities/ demand notice, if no augmentation is required otherwise 60 days. |
| 2 | Aggregate Loads above 100 kVA/100 kW and up to 4000 kVA | Within 45 days after compliance of Demand Notice/formalities by the applicant |
| 3 | Aggregate Loads above 4000 kVA | Within 180 days after completion of Demand notice/formalities by the applicant |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં અરજદાર દ્વારા સદર વીજજોડાણના મર્જીંગની અરજી અન્વયે પીજીવીસીએલ દ્વારા અપાયેલ ભાવપત્રક તા.૦૧.૦૯.૨૦૨૦ થી ભરપાઈ કરેલ જે અંતર્ગત ઓપ્સન-૩ હેઠળ જરૂરી વીજલાઈનની કામગીરી તા.૦૫.૦૧.૨૦૨૧ થી પૂર્ણ કરેલ, એટલેકે સદર ભાવપત્રક ભરપાઈ કર્યાથી દિવસ-૧૮૦ ની અંદર કામગીરી પૂર્ણ કરાયેલ હતી. ત્યારબાદ, ૬૬- કેવી હેઠળનું જોડાણ તા.૧૧.૦૧.૨૦૨૧ થી રીલીઝ થયેલ છે. તેમછતાં પીજીવીસીએલ દ્વારા ૧૧.૧૧% મર્જીંગનું બીલ માહે માર્ચ-૨૦૨૦ થી માહે જાન્યુઆરી-૨૦૨૧ (તા.૧૧.૦૧.૨૦૨૧) સુધીનું રૂ.૧,૧૫,૨૩,૮૧૪.૩૨ નું બીલ રેગ્યુલર બીલમાં ડેબીટ કરાયેલ છે જે વ્યાજ સહીત રીફંડ આપવા અરજદારે પીજીવીસીએલ સમક્ષ રજૂઆત કરેલ છે, તેમજ અરજદાર દ્વારા સદર રકમની રીકવરી ક્યા આધારે - નામદાર જીઈઆરસીના નીતિ-નિયમો/ઠરાવ કે કોઈ ગાઈડલાઈન થી કરાયેલ છે તેની વિગતો આપવા અરજદારે રજૂઆત કરેલ છે. ત્યારબાદ અરજદારે ફરીથી તા.૨૬.૦૮.૨૦૨૧ અને તા.૨૧.૦૧.૨૦૨૨ ના રોજ મર્જર જોડાણ અન્વયે બીલમાં રકમ વસુલાત કરેલ છે જે અયોગ્ય હોય જમા આપવા તેમજ સદર વસુલાત કરેલ છે તે અંગેના પરિપત્રો / નીતિ-નિયમો આપવા પીજીવીસીએલ પક્ષકારને રજૂઆત કરેલ છે. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે જેની નોંધણી તા.૦૫.૦૨.૨૦૨૨ થી કરાયેલ છે.

૪.૧ ઉપરોક્ત મુદ્દા નં ૪.૦ અન્વયે પીજીવીસીએલ દ્વારા અરજદારના પત્ર તા.૨૭.૦૭.૨૦૨૧ ના અનુસંધાને
તા.૧૮.૦૮.૨૦૨૧ થી પ્રત્યુત્તર આપેલ છે તે મુજબ સિમ્પોલો વિટ્રીફાઇડ પ્રા.લી. ગ્રાહક નં. ૨૬૫૧૯, ૮૦૦૦ KVA
માં જે ૧૧.૧૧% લોસનું બીલ નિગમિત કચેરીના પત્ર તા.૨૦.૦૩.૨૦૨૦ થી પાવર બાઉન્ડ્રી વધારવા માટે આપેલ
છે તે પત્રમાં જણાવ્યા મુજબ બીલ આપેલ છે. વધુમાં, સદર પત્રના સંદર્ભ પત્ર તા.૦૪.૦૬.૨૦૨૦ નો ઉલ્લેખ કરેલ
છે તેમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે કે ૬૬ કેવી કનેક્શન રીલીઝ ન થાય ત્યાં સુધી ૧૧.૧૧% નું લોસનું
બીલ આપવું.

ઉપરોક્ત બાબતે અરજદારની રજૂઆત મુજબ પીજીવીસીએલનો પત્ર તા.૧૮.૦૮.૨૦૨૧ ના સંદર્ભ ક્રમાંક ૦૨ અને
૦૩ ની નકલ અરજદારને મળેલ નથી. જ્યારે પીજીવીસીએલ નિગમિત કચેરીના પત્ર તા.૦૪.૦૬.૨૦૨૦ થી
અરજદારને રજીસ્ટર એડી ટપાલ મારફત ભાવપત્રક મોકલાવેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત અન્વયે પીજીવીસીએલની નિગમિત કચેરીના પત્ર નં – ૩૧૭૫ તા.૨૦.૦૩.૨૦૨૦ થી
પીજીવીસીએલની વર્તુળ કચેરી મોરબીને સંબોધીને જાણકારી આપેલ છે તે મુજબ મોરબી વર્તુળ કચેરીના પત્ર નં –
૪૪૫૦ તા.૨૨.૧૧.૨૦૧૮ અન્વયે મે.સીમ્સ સિરામિક પ્રા. લી. ગ્રાહક નં – ૩૨૩૩૩, 4000 KVA ના એચ.ટી.
વીજજોડાણની રિવાઈઝ્ડ પાવર બાઉન્ડ્રી એક્ષટેન્સન મોરબી તાલુકાના ઘૂંટુ ગામના જમીન સર્વે નંબર – 605 P1,
615 P4, 604 P4 (10408 Sq. Mt. out of 20437 Sq. Mt.), 615 P3 મંજુર કરેલ છે તેમજ પીજીવીસીએલની
નિગમિત કચેરીના પત્ર નં – ૩૧૭૬ તા.૨૦.૦૩.૨૦૨૦ થી પીજીવીસીએલની વર્તુળ કચેરી મોરબીને સંબોધીને
જાણકારી આપેલ છે તે મુજબ મોરબી વર્તુળ કચેરીના પત્ર નં – ૪૨૩ તા.૩૧.૦૧.૨૦૨૦ની પ્રપોઝલ અન્વયે મે.
સિમ્પોલો વિટ્રીફાઇડ પ્રા.લી. ગ્રાહક નં – ૨૬૫૧૯, 4000 KVA ના એચ.ટી. વીજજોડાણની રિવાઈઝ્ડ પાવર બાઉન્ડ્રી
એક્ષટેન્સન મોરબી તાલુકાના ઘૂંટુ ગામના જમીન સર્વે નંબર – 600/1P1, 600/1P2, 600/1P3, 600/4P2, 606, 608
P2, 604 P4 (3029 Sq. Mt. out of 20437 Sq. Mt.), 609 P2, 609 P4 મંજુર કરેલ છે.

પીજીવીસીએલની નિગમિત કચેરીના બન્ને પત્રમાં – ઉલ્લેખ કરેલ છે તે મુજબ "...... M/s SIMS CERAMIC Pvt.
Ltd. is merged with M/s SIMPOLO VITRIFIED Pvt. Ltd. and has applied on 66 KV and proposal is
under process, as on merging the total demand will exceed to the maximum demand that can be
catered at 11 KV. Therefore issue merged bill on total demand at applicable tariff of both the
connections, apply 11.11% loss on excess demand, i.e. excess to 4000 KVA as corresponding
energy etc..."

પીજીવીસીએલની નિગમિત કચેરીના ઉપરોક્ત બાઉન્ડ્રી એક્ષટેન્સનની મંજુરીના પત્રોના અનુસંધાને
પીજીવીસીએલની વર્તુળ કચેરી દ્વારા અરજદારને કોઈ જાણ કરેલ હોય તે અંગેના આધાર-પુરાવા પીજીવીસીએલ
પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી.

૪.3 અરજદાર મે.સીમ્પોલો વિટ્રીફાઇડ પ્રા.લી.ના વીજજોડાણ ગ્રાહક નં – ૨૬૫૧૯, ૪૦૦૦ KVA માં સીમ્સ
સિરામિક પ્રા.લી.નું ગ્રાહક નં – ૩૨૩૩૩, ૪૦૦૦ KVA મર્જ કરવાની એટલેકે એચ.ટી. માંથી ઈ.એચ.ટી. ૮૦૦૦
KVA નું વીજજોડાણ કરવા માટે રજીસ્ટ્રેશન તા.૨૭.૦૨.૨૦૨૦ ના રોજ કરેલ જે અનુસંધાને પીજીવીસીએલ
પક્ષકારની નિગમિત કચેરીનાં પત્ર નં - PGVCL/COM/4307 DT.04.06.2020 થી ભાવપત્રક રજીસ્ટર એ.ડી.
ટપાલ મારફત અરજદારને અપાયેલ છે જેની વિગત નીચે મુજબ છે.

- મે. સિમ્પોલો વિટ્રીફાઇડ પ્રા.લી. દ્વારા એચ.ટી. માંથી ઈ.એચ.ટી. વીજજોડાણ માટેની કામગીરી ઓપ્શન-
૩ હેઠળ કરવાની રહેશે. જે અન્વયે અપાયેલ ભાવપત્રકમાં રૂ.૪૨,૪૦,૪૩૨/- સુપરવિઝન ચાર્જના અને
રૂ.૧,૮૧,૩૬,૬૨૦/- પીજીવીસીએલના કુલ ચાર્જની રકમ મળીને કુલ જેટકો + પીજીવીસીએલના

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ચાર્જની કુલ રકમ રૂ.૨,૨૩,૭૭,૦૫૨/- સદર ભાવપત્રકની તારીખથી ૦૧ મહિનાની અંદર ભરપાઈ કરવાના રહેશે.

- As per Para No. 17: "M/S SIMS Ceramic Pvt Ltd is merged with M/s Simpolo Vitrified Pvt Ltd and has applied power demand on 66 KV Voltage level with merging of connection. As per approval of this office letter No (1) PGVCL/Comm/3175 date 20-3-2020 and (2) PGVCL/Comm/3176 date 20-3-2020 of power boundary extension, on merging the total demand will be exceed to the maximum demand that can be catered at 11 KV voltage therefore liable to pay merge bill on total demand at applicable tariff of both the connections, with apply 11.11 % loss on excess demand, i.e. excess to 4000 KVA as corresponding energy etc till the commission of supply on 66 KV voltage level."

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ ભાવપત્રક તા.૦૪.૦૬.૨૦૨૦ અન્વયે અરજદાર દ્વારા લેખિત પત્ર તા.૧૯.૦૬.૨૦૨૦ થી પી.જી.વી.સી.એલ.ની નિગમિત કચેરીને કરેલ રજૂઆત મુજબ COVID-19 ના કારણોસર ફેક્ટરી અંશત: ચાલુ હોય જેથી નાણાકીય કટોકટી હોવાથી ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા ૧ મહિનો એટલે કે તા.૦૪.૦૮.૨૦૨૦ સુધી વધારી આપવા અરજી આપેલ છે. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ.ની નિગમિત કચેરીના પત્ર તા.૦૩.૦૭.૨૦૨૦ થી સદર ભાવપત્રકની રકમ રૂ.૨,૨૩,૭૭,૦૫૨/- ભરપાઈ કરવા તા.૦૪.૦૮.૨૦૨૦ સુધીની સમયમર્યાદા મંજુર કરેલ છે.

ત્યારબાદ અરજદાર દ્વારા તા.૨૭.૦૭.૨૦૨૦ થી ઉપરોક્ત ભાવપત્રકની રકમ ભરપાઈ કરવા માટે ફરીથી સમયમર્યાદા તા.૦૪.૦૯.૨૦૨૦ સુધી વધારી આપવા અરજી કરેલ. જે અનુસંધાને પી.જી.વી.સી.એલ.ની નિગમિત કચેરીના પત્ર તા.૨૦.૦૮.૨૦૨૦ થી સદર ભાવપત્રકની રકમ રૂ.૨,૨૬,૮૬,૯૦૬/- ભરપાઈ કરવા તા.૦૪.૦૯.૨૦૨૦ સુધીની સમયમર્યાદા મંજુર કરેલ છે. સદર ભાવપત્રકની રકમ અરજદાર દ્વારા તા.૦૧.૦૯.૨૦૨૦ ના રોજ રસીદ નં.૧૨૨૮૫૭ થી રૂ.૪૩,૯૨,૩૨૨/- ભરપાઈ કરેલ છે. તેમજ સિક્યોરીટી ડીપોઝીટની રકમ રૂ.૧,૮૩,૦૦,૦૦૦/- પેટે તા.૨૯.૦૮.૨૦૨૦ થી બેંક ગેરંટી નં.૧૬૩૯૦૨૦BG૦૦૦૦૩૯ આપેલ છે. અરજદાર મે. સીમ્પોલો વિટ્રીફાઈડ પ્રા.લી. અને પીજીવીસીએલ પક્ષકાર વચ્ચે તા.૦૪.૦૯.૨૦૨૦ થી એગ્રીમેન્ટ કરેલ છે. ત્યારબાદ જરૂરી કાર્યવાહી પૂર્ણ થયા બાદ એચ.ટી. વીજજોડાણ ૮૦૦૦ KVA નું તા.૧૧.૦૧.૨૦૨૧ થી રીલીઝ કરાયેલ છે.

૪.૫ અરજદારની ફરિયાદ મુજબ તેઓના નિયમિત બીલમાં મર્જીંગના કારણોસર ૧૧.૧૧% નો લોસ ગણીને મર્જર ચાર્જની તફાવતીય રકમ બીલમાં વસુલાત કરેલ છે. જેની પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ બીલ પ્રમાણે વિગત નીચે મુજબ છે:

| Sr. No. | Billing month | Merger diff. Charges in Rs. |
|---|---|---|
| 1 | Mar-2020 | 1259761.41 |
| 2 | Apr-2020 | 107224.46 |
| 3 | May-2020 | 703458.3 |
| 4 | Jun-2020 | 1279601.31 |
| 5 | Jul-2020 | 1306827.58 |
| 6 | Aug-2020 | 1351630.55 |
| 7 | Sep-2020 | 1246387.83 |
| 8 | Oct-2020 | 1377948.41 |
| 9 | Nov-2020 | 1195839.51 |
| 10 | Dec-2020 | 1153038.94 |
| 11 | Jan-2021 | 542096.03 |
| Total in Rs. | | 11523814.33 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ મુજબની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ નામદાર જીઈઆરસીમાં ગોકુલ એગ્રો સર્વિસીસ લીમીટેડની પીટીશન નં ૧૫૮૨/૨૦૧૬ થી રીવ્યુ પીટીશન નં ૧૮૨૭/૨૦૧૯ માં ઉલ્લેખ કરાયેલ છે તે મુજબ " .... as per the provisions of the GERC (Electricity Supply Code and Related Matters) Regulations, 2005, it's amendment dated 25.09.2006 and 18.06.2012. With the merger of these two connections, the Petitioner would have received power supply at voltage higher than 11 kV as per the provisions of the GERC Supply Code and its amendments. In the present matter, the Respondent has charged the Petitioner with 11.11% additional charge on the arithmetic sum of billing quantities of both the connections. Since, the Petitioner is entitled to receive power supply at 11 kV voltage level up to contract demand of 4000 kVA as per the prevailing Regulations ....." મુજબ સદર ગ્રાહક નં - ૨૬૫૧૯ ના બીલમાં વસુલવામાં આવેલ ૧૧.૧૧% મર્જીંગ ચાર્જ યોગ્ય છે.

૪.૬ સદર કેસને લાગુ પડતી બાબતે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના પેરા નં ૩.૨, ૪.૨૮ અને ૬.૪૮ માં ઉલ્લેખ નીચે મુજબ કરાયેલ છે.

**"3.2 The rated voltage of the AC supply should be as follows:**

| Category | System of Supply |
|---|---|
| For all installations upto and inclusive of 6 kW of Connected Load, subject to motive power load other than irrigation pump not exceeding 2 HP in the aggregate. | 230 V- Single Phase |
| For all installations exceeding 6 kW of Connected Load (motive power load exceeding 2 HP and upto 150 HP in the aggregate) and upto 100 kVA/kW of Contracted Demand. | 400 V- Three Phase |
| For all installation with Contract Demand exceeding 100 kVA/kW and upto 4000 kVA/kW.<br>However, for the existing 22 kV consumer, the Contact Demand limit shall be extended upto 8000 kVA/kW subject to undertaking from consumer for reverting back to 4000 kVA/kW limit in case of change of system to 11 kV under system conversion scheme. | 11 kV and 22 kV - Three Phase |
| All installation with Contract Demand exceeding 4000 kVA/kW. | At 33 kV and above- Three Phase |

The Consumer may opt for higher profile of supply even though the contracted load is less than the specified limit under higher profile of supply, if he so desires.

**In case of existing consumers drawing power at lower voltage, if due to the additional requirement they cross the threshold limit of load, in such cases the licensee may**, as far as possible, make commercially viable offer to the consumers so that he opts for the next higher voltage of supply. The commercial offer may be framed **taking into consideration the following-**

(a) Likely reduction in Transmission and Distribution Losses;
(b) Load reduction on transformers of licensee's system and their availability for meeting new requirements.
However, supply to existing consumers at voltage lower than the limit specified above, should continue and in case their load requirement increases, the above specified load limit will be applicable."

"**6.48** Tariffs and charges for supply of electricity shall be as determined by GERC from time to time."

"**4.28** The Distribution Licensee will not provide more than one connection for one premise or in adjoining/contiguous premises belonging to same owner if these are not separated by a public road or by private premise. The consumers opting for second connection will have to produce separate legal entity documents such as separate Income Tax No/ Sales Tax No., ration card and rent or lease agreement."

વધુમાં સદર કેસને લાગુ પડતી બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા કરાયેલ ટેરીફ પીટીશન નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ માટે કરાયેલ / દાખલ કરેલ દરખાસ્ત અન્વયે નામદાર જીઈઆરસી દ્વારા ટેરીફ ઓર્ડર મંજુર કરાયેલ તે મુજબ પીજીવીસીએલની નિગમિત કચેરીના પત્ર નં – **PGVCL/Reg. Cell/T-3376 Dtd: 08-04-2020** મુજબ વ્હિલિંગ લોસ નીચે મુજબ છે.

**The distribution loss at 11 kV and 400 V during FY 2020-21 are given below:**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| Particulars | Point of energy delivered | |
|---|---|---|
| | 11 kV | 400 Volts |
| 11 kV, 22 kV and 33 kV | 10% | 10.38 % |
| 400 Volts | | 0.71 % |

૪.૭ અરજદારની રજૂઆત અન્વયે પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ આધાર-પુરાવા અન્વયે અરજદારના એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં – ૨૬૫૧૯ અને ૩૨૩૩૩ માં બાઉન્ડ્રી એક્ષટેન્શનની મંજુરી પીજીવીસીએલની નિગમિત કચેરીના પત્ર નં – ૩૧૭૫ અને ૩૧૭૬ તા.૨૦-૦૩-૨૦૨૦ થી અપાયેલ છે, તેમજ સદર પત્રમાં કરાયેલ ઉલ્લેખ મુજબ, અરજદાર દ્વારા ૩૨૩૩૩ ને ગ્રાહક નં – ૨૬૫૧૯ માં મર્જીંગ થતા ૬૬ કેવી કરવા માટેની અરજી અરજદાર દ્વારા કરાયેલ છે જેની કાર્યવાહી પ્રગતીમાં હોય, હાલની સ્થિતિએ બન્ને વીજજોડાણોનું એકત્રિકરણ મુજબ અરજદારનો કુલ વીજભાર 4000 KVA ઉપર થતો હોય લાગુ પડતા ટેરીફ મુજબ મર્જ થતા કુલ કરારિત વીજભાર મુજબ બીલ આપવું.

તેમજ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ અન્વયે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૩.૨ મુજબ અરજદારના બન્ને વીજજોડાણની બાઉન્ડ્રી મર્જીંગ થતા કુલ કરારિત વીજભાર 8000 KVA થવાથી, 11 KV પાવર સપ્લાય સીસ્ટમને બદલે 33 KV કે તેથી વધારે પાવર સપ્લાય સીસ્ટમ હેઠળ સમાવિષ્ટ થતો હોવાથી એચ.ટી. વીજજોડાણ માંથી એ ઈ.એચ.ટી. વીજજોડાણમાં રૂપાંતરણની કાર્યવાહી કરવા માટે અરજદાર દ્વારા તા.૨૭.૦૨.૨૦૨૦ થી નોંધણી કરેલ જે અન્વયે જરૂરી કાર્યવાહી પૂર્ણ થતા નિયમાનુસાર પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૧૧-૦૧-૨૦૨૧ થી ઈ.એચ.ટી. વીજજોડાણ રીલીઝ કરાયેલ છે.

૪.૮ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ માટે જીઈઆરસી દ્વારા મંજુર કરાયેલ ટેરીફ ઓર્ડર મુજબ ૧૦% ડીસ્ટ્રીબ્યુશન લોસ ઓપન એક્સેસ માટે મંજુર કરાયેલ છે જે અન્વયે નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૪ / ૨૦૧૫ ના મુદ્દા નં ૬.૪૮ મુજબ અરજદારનો કુલ કરારિત વીજભાર 8000 KVA થવાથી પાવર સપ્લાય ૧૧ કેવી સીસ્ટમને બદલે ૬૬ કેવી સીસ્ટમ થવી જોઈતી હતી જે થયેલ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા અરજદારના સદર વીજજોડાણ અંતર્ગત બાઉન્ડ્રી એક્શટેન્શનની મંજુરી આપેલ છે ત્યારથી ૬૬ કેવી સીસ્ટમ હેઠળ વીજજોડાણ રીલીઝ થયેલ છે ત્યાં સુધીના સમયગાળા માટે પીજીવીસીએલ કંપની ને વ્હીલીંગ લોસની ગણતરી કરતા ૧૧.૧૧% થાય છે જે ચાર્જ પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ જીઈઆરસી હેઠળ નોંધાયેલ પીટીશન નં – ૧૮૨૭/ ૨૦૧૯ ના ઓર્ડર મુજબ અરજદાર પાસેથી અરજદારના કુલ કરારિત વીજભાર 8000 KVA માંથી ૪૦૦૦ KVA ના વીજભારમાં નોંધાયેલ વીજવપરાશમાં ૧૧.૧૧% લોસની ગણતરી કરીને ચાર્જ વસુલેલ છે જે યોગ્ય છે. તદુપરાંત, અરજદાર દ્વારા ઉપરોક્ત બન્ને વીજજોડાણોની બાઉન્ડ્રી એક્ષટેન્શન કરવાની અરજી અનુસંધાને પીજીવીસીએલ વર્તુળ કચેરી મોરબી દ્વારા અનુક્રમે તા.૨૨.૧૧.૨૦૧૮ (Sims) અને તા.૩૧.૦૧.૨૦૨૦ (Simpolo) ના રોજ બાઉન્ડ્રી

એક્ષટેન્શન કરવાની દરખાસ્તના આધારે પીજીવીસીએલની નિગમિત કચેરી દ્વારા તા.૨૦.૦૩.૨૦૨૦ થી મંજુરી આપેલ છે જેમાં કરાયેલ ઉલ્લેખ મુજબ અરજદારનો કરારિત વીજભાર 4000 KVA ઉપર થતો હોય વધારાના ૪૦૦૦ KVA ઉપર લાગુ પડતા ટેરીફ પ્રમાણે ૧૧.૧૧% લોસ ગણીને વીજબીલ આપેલ છે તે યોગ્ય જણાય છે.

પરંતુ પીજીવીસીએલની નિગમિત કચેરીના પત્ર નં – ૩૧૭૫ અને ૩૧૭૬ તા.૨૦-૦૩-૨૦૨૦ થી બાઉન્ડ્રી એક્ષટેન્શનની મંજુરી આપેલ છે જે અન્વયે પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી દ્વારા અરજદારને જાણકારી આપવા કોઈ કાર્યવાહી કરાયેલ હોય તેના કોઈ આધાર-પુરાવા પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ નથી. જેના કારણે સદર ફરિયાદ તેમજ વિવાદ ઉપસ્થિત થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. અરજદાર દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ છે તે મુજબની વિગતો પૂરી પાડવામાં પીજીવીસીએલના સબંધિત અધિકારી દ્વારા દુર્લક્ષ્ય સેવવામાં આવેલ છે તેની ફોરમ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવેલ છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૮ મુજબની વિગતે બન્ને પક્ષકારોને જાણકારી આપવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (શ્રી ડી.વી.લાખાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. વિદ્યુત લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot